BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

નં.બીકેએનએમયુ/પરીક્ષા/૪૧૬/૨૦૨૩ તા.૨૪/૦૪/૨૦૨૩

વિષય: તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવા દાતાશ્રીઓને આમંત્રિત કરવા બાબત

પરિપત્ર:

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢની સ્થાપના સરકારશ્રી ધ્વારા વર્ષ:૨૦૧૫-૧૬માં કરવામાં આવેલ. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સ્નાતક/અનુસ્નાતક/મેડીકલ/પેરા મેડીકલ અભ્યાસક્રમમાં અભ્યાસ કરે છે. યુનિવર્સિટી ધ્વારા વિવિધ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓનું પદવીદાન સમારોહમાં ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માન આપવામાં આવે છે. યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ ફેકલ્ટી વાઈઝ અને અનુસ્નાતક કક્ષાએ વિષય અનુસાર ગોલ્ડ મેડલ આપવાનું નિયત થયેલ છે.

આ ઉપરાંત કોઈ દાતાશ્રી સ્નાતક કક્ષાએ ફેકલ્ટીમાં સમાવિષ્ટ કોઈ વિષય માટે (સ્પેશ્યલાઇઝેશન) ગોલ્ડ મેડલ માટે અનુદાન આપવા અને તેજસ્વી વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા ઈચ્છા ધરાવતાં હોય તો તે યુનિવર્સિટી કાર્યાલયમાં સામાન્ય વહીવટ વિભાગમાં સંપર્ક કરી ગોલ્ડ મેડલ અંગેનાં નિયમાનુસાર અનુદાન આપી શકે છે.

યુનિવર્સિટી ધ્વારા સ્નાતક કક્ષાએ ફેકલ્ટી વાઈઝ, અનુસ્નાતક કક્ષાએ વિષય વાઈઝ તેમજ સ્નાતક કક્ષાએ સ્પેશ્યલાઇઝેશન વિષય સાથે ગોલ્ડ મેડલનું અનુદાન આપવા અને તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા સૌને આમંત્રિત કરવામાં આવે છે.

દ્વિતીય પદવીદાન સમારોહનું આયોજન તા:૦૫/૦૫/૨૦૨૩, શુક્રવારના રોજ થયેલ હોઈ ઉક્ત વિગતે ગોલ્ડ મેડલ માટે અનુદાન આપવા ઈચ્છા ધરાવતા દાતાશ્રીઓએ તા:૨૭/૦૪/૨૦૨૩ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે સંપર્ક કરવાનો રહેશે.

ડૉ. મયંક સોની
કા.કુલસચિવ

નકલ સવિનય રવાના:

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
૨. નાણા અને હિસાબી અધિકારીશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
૩. સંબંધિત ફાઈલ

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh